Extra No. 333

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, SEPTEMBER 23, 2025 / ASVINA 1, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૨૪મી જુલાઈ, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૨૯)/જીએસટીઆર-૨૦૨૪/એસ.૧૬૪(૮૭)/જીએસટી સેલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Goods and Services Tax Rules, 2017

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

જાહેરનામું

જાહેરનામા ક્રમાંક. ૧૨/૨૦૨૪- રાજ્ય વેરો,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૨૦૨૪.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૨૯)/જીએસટીઆર-૨૦૨૪/એસ.૧૬૪(૮૭)/જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.- (૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, તે સન ૨૦૨૪ના જુલાઈ મહિનાની ૧૦મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭માં (જેનો આમાં હવે પછી, સદરહુ નિયમો તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં), નિર્દિષ્ટ કરેલી તારીખથી અમલમાં આવે તેમ, નિયમ ૮માં, પેટા-નિયમ (૪ક)માં, પ્રથમ પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, આધાર નંબરના પ્રમાણીકરણ માટે પસંદગી આપી ન હોય તેવી કલમ ૨૫ ની પેટા-કલમ (૬ઘ) હેઠળ જાહેર કરેલી વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા પેટા-નિયમ (૪) હેઠળ કરવામાં આવેલી દરેક અરજી પછી, આ પેટા-નિયમના હેતુ માટે કમિશનર દ્વારા જાહેર કરેલા સુગમતા કેન્દ્રો પૈકીના એક સુગમતા કેન્દ્ર ખાતે નમૂના જીસેટી આરઈજી-૦૧ માં અરજી સાથે અપલોડ કરેલા દસ્તાવેજોની અસલ નકલની ખરાઈ સહિત, અરજદાર, વ્યક્તિ ન હોય, ત્યારે કલમ ૨૫-ની પેટા-કલમ (૬ગ) હેઠળ જાહેર કરેલા અરજદારના સંબંધમાં અરજદાર, વ્યક્તિ હોય અથવા વ્યક્તિઓ હોય તેનો ફોટોગ્રાફ લેવો જોઈશે અને અરજી, આ પરંતુક હેઠળ નિયત કરેલી સફળ ખરાઈ પછી જ સંપૂર્ણ હોવાનું ગણાશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧-માં,-

(૧) ખંડ (છ)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "નમૂના જીએસટીઆર-૧, હોય, તો તેમાં સુધાર્યા મુજબ" એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

(૨) ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(જક) નિયમ ૨૩ના પેટા-નિયમ (૧)ના ત્રીજા અથવા ચોથા પરંતુકની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે; અથવા".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧-ક-માં પેટા-નિયમ (૨-ક)માં, ખંડ (ક)માં,-

(૧) "નમૂના જીએસટીઆર-૧માં રજૂ" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "નમૂના જીએસટીઆર-૧ક હોય, તો તેમાં સુધાર્યા મુજબ", એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

(૨) "તેમના નમૂના જીએસટીઆર-૧માં" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "અથવા આગલી વેરા મુદત, હોય, તો તેના નમૂના જીએસટીઆર-૧ક-માં" એ શબ્દો, અક્ષરો અને આંકડા દાખલ કરવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૨૮માં, સન ૨૦૨૩ના ઓક્ટોબર મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવે તેમ,-

(૧) પેટા-નિયમ (૨)માં,-

(ક) "સંબંધિત પ્રાપ્તકર્તા વ્યક્તિ", એ શબ્દો પહેલા, "ભારત સ્થિત" એ શબ્દો મૂકવા.

(ખ) "આવી ગેરંટી આપ્યાની રકમ", એ શબ્દો પહેલા, "દર વર્ષે" એ શબ્દો મૂકવા.

(૨) પેટા-નિયમ (૨) પછી, નીચેનો પરંતુક દાખલ કરવો,-

"જો પ્રાપ્તકર્તા સંપૂર્ણ ઈનપુટ વેરા શાખ માટે પાત્ર હોય તો, ભરતિયામાં જાહેર કરેલા મૂલ્યને સદરહુ સેવાઓના પુરવઠાનું મૂલ્ય ગણવું જોઈશે."

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૩૬માં, પેટા-નિયમ (૪)માં, ખંડ (ક)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "નમૂના જીએસટીઆર-૧ક, હોય, તો તેમાં સુધાર્યા મુજબ" એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૩૭ક-માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "નમૂના જીએસટીઆર-૧ક, હોય, તો તેમાં સુધાર્યા મુજબ" એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

૮. સદરહુ નિયમોમાં, નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી અમલમાં આવે તેમ, નિયમ ૩૯માં,-

(૧) પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૧) ઈનપુટ સેવા વિતરક નીચેની શરતો અને રીતને અધીન રહીને ઈનપુટ વેરા શાખનું વિતરણ કરશે:-

(ક) મહિનામાં વિતરણ માટે ઉપલબ્ધ ઈનપુટ વેરા શાખનું તે જ મહિનામાં વિતરણ કરવામાં આવશે અને તેની વિગતો સદરહુ નિયમોના ૮માં પ્રકરણની જોગવાઈઓ અનુસાર નમૂના જીએસટી આર-૬માં પૂરી પાડવી જોઈશે;

(ખ) વિતરણ કરાયેલી શાખની રકમ વિતરણ માટે ઉપલબ્ધ શાખની રકમથી વધવી જોઈશે નહીં.

(ગ) શાખ મેળવનારને કારણે ઈનપુટ સેવાઓ પર ચૂકવવામાં આવેલા વેરાની શાખનું વિતરણ માત્ર મેળવનારને કરવામાં આવશે.

(ઘ) એક કરતાં વધુ શાખ મેળવનારને કારણે ઈનપુટ સેવાઓ પર ચૂકવવામાં આવતી વેરા શાખનું એવા મેળવનારાઓમાં વિતરણ કરવામાં આવશે કે જેમને ઈનપુટ મળવાપાત્ર છે અને આવું વિતરણ આવા મેળવનારના રાજ્યમાં ટર્નઓવર અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ટર્નઓવરના આધારે, સંબંધિત સમયગાળા દરમિયાન, તેવા તમામ મેળવનારાઓના ટર્નઓવરના એકંદર મૂલ્યને પ્રમાણસર હશે કે જેમને આવી ઈનપુટ સેવા મળવાપાત્ર છે અને વર્તમાન વર્ષમાં સદરહુ સંબંધિત સમયગાળા દરમિયાન કાર્યરત છે.

(ચ) તમામ શાખ મેળવનારને કારણે ઈનપુટ સેવાઓ પર ચૂકવવામાં આવતી વેરા શાખનું એવા મેળવનારાઓમાં વિતરણ કરવામાં આવશે અને આવું વિતરણ આવા મેળવનારના રાજ્યમાં ટર્નઓવર અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ટર્નઓવરના આધારે, સંબંધિત સમયગાળા દરમિયાન, તેવા તમામ મેળવનારાઓના ટર્નઓવરના એકંદર મૂલ્યને પ્રમાણસર હશે કે જેમને આવી ઈનપુટ સેવા મળવાપાત્ર છે અને વર્તમાન વર્ષમાં સદરહુ સંબંધિત સમયગાળા દરમિયાન કાર્યરત છે.

(છ) ખંડ (ઘ) અને (ચ)ની જોગવાઈઓ અનુસાર વેરા મુક્ત પુરવઠો પૂરો પાડતા હોય તે સિવાયના તમામ માલ મેળવનારમાંથી અથવા અન્યથા કોઈપણ કારણથી રજિસ્ટર થયા ન હોય તેવા માલ મેળવનાર પૈકી, ઈનપુટ શાખ મેળવવાપાત્ર હોય તેવા, માલ મેળવનારમાંથી એક 'R1'ને વિતરણ કરવી જરૂરી હોય તેવી ઈનપુટ વેરા શાખની રકમ 'C1', નીચે આપેલું સૂત્ર લાગુ પાડીને ની રકમ ગણવામાં આવશે-

$$C1 = (t1 \div T) \times C$$

''C'' એ વિતરણ કરવાની શાખની રકમ છે,

''t1'' એ સંબંધિત મુદત દરમિયાન R1 વ્યક્તિનું ખંડ (ઘ) અને (ચ)માં ઉલ્લેખ કરેલું ટર્નઓવર અને ખંડ (ઘ) અને (ચ)ની જોગવાઈઓ અનુસાર, પ્રસ્તુત મુદત દરમિયાન, ઈનપુટ સેવા મેળવી હોય તેવા તમામ માલ મેળવનારનું ''T'' એ એકંદર ટર્નઓવર છે;

(જ) ઈનપુટ સેવા વિતરકે, કલમ (ઘ) અને (ચ)ની જોગવાઈઓ અનુસાર, અયોગ્ય ઈનપુટ વેરા શાખની રકમ (કલમ ૧૭ની પેટા-કલમ (૫)ની જોગવાઈઓ હેઠળ અથવા અન્યથા અયોગ્ય) અને યોગ્ય ઈનપુટ વેરા શાખની રકમનું અલગથી વિતરણ કરવું જોઈશે;

(ઝ) કેન્દ્રીય વેરા, રાજ્ય વેરા, સંઘ રાજ્યક્ષેત્ર વેરા અને સંકલિત વેરાના કારણે ઈનપુટ વેરા શાખને કલમ (ઘ) અને (ચ)ની જોગવાઈઓ અનુસાર અલગથી વિતરણ કરવામાં આવશે;

(ટ) સંકલિત વેરાના કારણે, દરેક માલ મેળવનારને સંકલિત વેરાની ઈનપુટ વેરા શાખ તરીકે વિતરણ કરવામાં આવશે;

(ઠ) કેન્દ્રીય વેરા અને રાજ્ય વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્રવેરાના કારણે ઈનપુટ વેરા શાખ-

(૧) ઈનપુટ સેવા વિતરક રહેતો હોય તે સંઘ રાજ્યક્ષેત્ર અથવા તે જ રાજ્યમાં રહેતાં માલ લેનારના સંબંધમાં અનુક્રમે કેન્દ્રીય વેરા અને રાજ્ય વેરો અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની ઈનપુટ વેરા શાખએ મુજબ વિતરણ કરવામાં આવશે;

(૨) ઈનપુટ સેવા વિતરક સિવાયના, સંઘ રાજ્યક્ષેત્ર અથવા રાજ્યમાં રહેતા માલ લેનારના સંબંધમાં, સંકલિત વેરા તરીકે વિતરણ કરવામાં આવશે અને એવી રીતે વિતરણ કરેલી રકમ ખંડ (ઘ) અને (ચ)માં ઉલ્લેખેલા આવા માલ લેનારના વિતરણ માટે કેન્દ્રીય વેરા અને રાજ્ય વેરા અથવા સંઘ રાજ્યક્ષેત્ર વેરાની ઈનપુટ વેરા શાખની એકંદર રકમ જેટલી રહેશે;

(ડ) નિયમ ૫૪ના પેટા-નિયમ (૧)માં ઠરાવ્યા મુજબ ઈનપુટ સેવા વિતરક, ઈનપુટ સેવા વિતરણ ભરતિયું કાઢી આપશે, આવા ભરતિયામાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું હશે કે ઈનપુટ વેરા શાખના વિતરણ માટે જ ફક્ત કાઢી આપવામાં આવેલ છે;

(ઢ) કોઈપણ કારણથી ઈનપુટ વેરા શાખના વિતરણના ઘટાડાના કિસ્સામાં, શાખના ઘટાડા માટે, નિયમ ૫૪ની પેટા-નિયમ (૧)માં ઠરાવ્યા મુજબ, ઈનપુટ સેવા વિતરક, ઈનપુટ સેવા વિતરક જમાનોંધ કાઢી આપશે;

(ત) પુરવઠાકાર દ્વારા ઈનપુટ સેવા વિતરણની ઉધાર નોંધ કાઢી આપ્યેથી ઈનપુટ વેરા શાખની વધારાની રકમ, ખંડો (ક)થી (ઠ)માં નિર્દિષ્ટ કરેલી શરતોની રીતે વિતરણ કરવામાં આવશે અને માલ લેનાર દ્વારા મેળવેલી રકમ ખંડ (છ)માં જોગવાઈ કરેલી રીતે ગણતરી કરવામાં આવશે અને આવી શાખ નમૂના જીએસટી આર-૬માં, પત્રકમાં, ઉધાર નોંધનો સમાવેશ કરેલો હોય તે મહિનામાં આવી શાખનું વિતરણ કરવામાં આવશે;

(થ) પુરવઠાકાર દ્વારા ઈનપુટ સેવા વિતરણની જમા નોંધની કાઢી આપ્યેથી ઘટાડવી જરૂરી એવી કોઈપણ ઈનપુટ વેરા શાખ, સરખા પ્રમાણમાં દરેક માલ મેળવનારને વહેંચવામાં આવશે, અસલ ભરતિયામાં સમાવેશ કરેલો હોય તેવી ઈનપુટ વેરા શાખ ખંડ (છ)ની શરતોએ વહેંચવામાં આવશે, અને એવી રીતે વહેંચેલી રકમ-

(૧) નમૂના જીએસટી આર-૬માં, પત્રકમાં, જમા નોંધનો સમાવેશ કરેલો હોય તે મહિનામાં વહેંચણી કરવાની રકમમાંથી ઘટાડવામાં આવશે; અથવા

(૨) સમાયોજિત રકમ કરતાં ઓછી વહેંચણી હેઠળ જમા રકમના કારણે એવી વહેંચણી કરેલી રકમ ઋણ હોય તો, તે માલ મેળવનારની આઉટપુટ વેરા જવાબદારીમાં ઉમેરવામાં આવશે.

(૨) પેટા-નિયમ (૧) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

"(૧ક) કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા (૪) હેઠળ કર વસૂલાતને અધીન, એક અથવા તેનાથી વધુ અલગ વ્યક્તિઓને મળવાપાત્ર, ઈનપુટ સેવાઓના સંબંધમાં શાખના વિતરણ માટે, રજિસ્ટર થયેલી વ્યક્તિ કે જે ઈનપુટ સેવા વિતરક તરીકે સમાન પાન (PAN) અને રાજ્ય કોડ ધરાવે છે તે નિયમ ૫૪ના પેટા-નિયમ (૧ક)ની જોગવાઈઓ અનુસાર ભરતિયું અથવા યથાપ્રસંગ, જમા અથવા ઉધાર નોંધ કાઢી શકે છે કે જેથી આવી સમાન ઈનપુટ સેવાઓની શાખને ઈનપુટ સેવા વિતરકને તબદીલ કરી શકાય, અને આવી શાખને પેટા-નિયમ (૧)માં કરેલી જોગવાઈ અનુસાર સદરહુ ઈનપુટ સેવા વિતરક દ્વારા વિતરિત કરવામાં આવશે.";

(૩) પેટા-નિયમ (૨)માં, "ખંડ (ઠ)" એ શબ્દો અને કૌંસને બદલે, "ખંડ (થ)" એ શબ્દો અને કૌંસ મૂકવા;

(૪) પેટા-નિયમ (૩)માં, "ખંડ (ઝ)" એ શબ્દો અને કૌંસને બદલે, "ખંડ (ઢ)" એ શબ્દો અને કૌંસ મૂકવા;

(૫) પેટા-નિયમ (૩) પછી, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:-

"સ્પષ્ટીકરણ.- આ નિયમના હેતુ માટે,-

(૧) "સંબંધિત મુદત" એટલે-

(ક) શાખ લેનારને, જે વર્ષ દરમિયાન શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષના અગાઉના નાણાકીય વર્ષમાં પોતાના રાજ્યો અથવા સંઘ રાજ્યક્ષેત્રમાં ટર્નઓવર થયું હોય, તો સદરહુ નાણાકીય વર્ષ; અથવા

(ખ) શાખ પ્રાપ્ત કરનારી અમુક અથવા તમામ વ્યક્તિઓને, શાખનું વિતરણ કરવાનું હોય તે વર્ષ અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન, તેમના રાજ્યોમાંનું અથવા સંઘ રાજ્યક્ષેત્રમાંનું કોઈ ટર્નઓવર ન હોય, તો શાખનું જે મહિના દરમિયાન વિતરણ કરવાનું હોય તે મહિના અગાઉના જે ત્રિમાસ માટેની શાખ લેનારી તમામ વ્યક્તિઓના આવા ટર્નઓવરની માહિતી ઉપલભ્ય હોય, તેવો છેલ્લો ત્રિમાસ;

(૨) “શાખ પ્રાપ્ત કરનાર” એ શબ્દપ્રયોગ એટલે ઈનપુટ સેવા વિતરક તરીકે સમાન કાયમી ખાતા નંબર ધરાવતા માલ અથવા સેવા અથવા તે બન્નેના પુરવઠાકાર;

(૩) આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર માલ તેમજ વેરાપાત્ર ન હોય, તેવા માલના પુરવઠામાં સંકળાયેલી રજિસ્ટર થયેલી કોઈ વ્યક્તિના સંબંધમાં “ટર્નઓવર” એ શબ્દપ્રયોગના અર્થ, સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧-ની નોંધ ૮૪ અને ૯૨-ક તથા સદરહુ અનુસૂચિની યાદી ૨-ની નોંધ ૫૧ અને ૫૪ હેઠળ લેવાપાત્ર કોઈ શુલ્ક અથવા વેરાની રકમથી ઘટાડવામાં આવેલા ટર્નઓવરનું મૂલ્ય થાય છે.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ચ)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "અથવા નમૂના જીએસટીઆર-૧ક હોય, તો" એ શબ્દો, અક્ષરો અને આંકડા દાખલ કરવા;

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૪૮માં, પેટા-નિયમ (૩)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "અથવા નમૂના જીએસટીઆર-૧ક, હોય તો" એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૫૯માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ સદરહુ વ્યક્તિ વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૧માં માલ અથવા સેવા અથવા બંનેના જાવક પુરવઠાની વિગતો રજૂ કર્યા પછી પણ સદરહુ વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૩ખ-માં પત્રક ભર્યા પહેલા, તેના પોતાના વિકલ્પથી, કોમન પોર્ટલ મારફત પ્રત્યક્ષ રીતે અથવા કમિશનર જાહેર કરે તેવા સુવિધા કેન્દ્ર મારફત ઈલેક્ટ્રોનિક સ્વરૂપે સદરહુ વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૧ક-માં માલ અથવા સેવા અથવા બંનેના જાવક પુરવઠાની વધારાની વિગતો સુધરાવી અથવા રજૂ કરી શકે છે.";

(૨) પેટા-નિયમ (૪)માં, સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, "અઢી લાખ" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય, ત્યાં તેને બદલે, "એક લાખ" એ શબ્દો મૂકવા;

(૩) પેટા-નિયમ (૪) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

"(૪ક) નમૂના જીએસટીઆર-૧ક-માં પૂરી પાડવામાં આવેલી માલ અથવા સેવા અથવા બંનેના જાવક પુરવઠાની વિગતોની વધારાની વિગતો અથવા સુધારામાં, રજિસ્ટર થયેલી વ્યક્તિની જરૂરીયાત મુજબ, નીચેનાનો સમાવેશ થશે-

(ક) (૧) રજિસ્ટર થયેલી વ્યક્તિઓને કરેલા તમામ આંતરરાજ્ય અથવા રાજ્યાંતર્ગત પુરવઠાની ભરતિયા દીઠ વિગતો; અને

(૨) રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યક્તિઓને એક લાખથી વધારે કિંમતના ભરતિયા સાથે કરેલા તમામ આંતરરાજ્ય પુરવઠાની ભરતિયા દીઠ વિગતો;

(ખ) (૧) વેરાના દરેક દર માટે રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યક્તિઓને કરેલા રાજ્યાંતર્ગત પુરવઠાની એકંદર વિગતો; અને

(૨) વેરાના દરેક દર માટે રજિસ્ટર થયેલી ન હોય તેવી વ્યક્તિઓએ એક લાખ સુધીની કિંમતના ભરતિયાની સાથે કરેલા રાજ્ય દીઠ આંતરરાજ્ય પુરવઠાની એકંદર વિગતો;

(ગ) અગાઉના મહિના દરમિયાન કાઢી આપેલ ભરતિયા માટેની જમા અને ઉધાર નોંધ, જો કોઈ હોય તો તેની વિગતો.

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૬૦માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "અથવા નમૂના જીએસટીઆર-૧ક" એ શબ્દો, અક્ષરો અને આંકડા દાખલ કરવા;

(૨) પેટા-નિયમ (૭)માં, ખંડ (૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ટટક) અગાઉની વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૧ પૂરી પાડવાની નિયત તારીખ પછીના તરતના દિવસથી વર્તમાન વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૧ પૂરી પાડવાની નિયત તારીખ વચ્ચે ફાઈલ કરેલા નમૂના જીએસટીઆ-૧ક-માં પુરવઠાકાર દ્વારા પૂરા પાડવામાં આવેલા જાવક પુરવઠાની વધારાની વિગતો અથવા વિગતોમાં સુધારા;".

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬૨-માં, પેટા-નિયમ (૧) પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી નાણાકીય વર્ષ માટેના નમૂના જીએસટીઆર-૪માં પત્રક, રજિસ્ટર થયેલી વ્યક્તિએ આવા નાણાકીય વર્ષના અંત પછી જૂન મહિનાના ૧૩માં દિવસ સુધી રજૂ કરવા જોઈશે.".

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭૮માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, ",નમૂના જીએસટીઆર-૧ક હોય, તો તેમાં સુધાર્યા મુજબ" એ શબ્દો, અક્ષરો અને આંકડા દાખલ કરવા.

૧૫. સદરહુ નિયમોમાં, નિયમ ૮૮ખ-માં, પેટા-નિયમ (૧) પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ કોઈ રકમને, સદરહુ પત્રક ભરવાની નિયત તારીખે અથવા તે પહેલા કલમ ૪૯ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ મુજબ ઈલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં જમા કરાવવામાં આવી હોય પણ નિયત તારીખ પછી સદરહુ પત્રક ભરતી વખતે વેરાની ચુકવણી માટે સદરહુ ખાતાવહીમાંથી ઉધારવામાં આવી હોય તો, નિયત તારીખથી લઈને પત્રક ભરતી વખતે તેને ઉધાર્યા તારીખ સુધી સદરહુ ખાતાવહીમાં જો સદરહુ રકમ પડેલી હોય તો તેવા વ્યાજની ગણતરી વખતે સદરહુ રકમને ધ્યાનમાં લેવી જોઈશે નહીં."

૧૬. સદરહુ નિયમોમાં, નિયમ ૮૮-ગ-માં, પેટા-નિયમ (૧)માં, "નમૂના જીએસટીઆર-૧" એ શબ્દો, અક્ષરો અને આંકડા પછી, "નમૂના જીએસટીઆર-૧ક હોય, તો તેમાં સુધાર્યા મુજબ" એ અક્ષરો, શબ્દો અને આંકડા દાખલ કરવા;

૧૭. સદરહુ નિયમોમાં, નિયમ ૮૯ માં,-

(૧) પેટા-નિયમ (૧ક) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

"(૧ખ) નિકાસ પછી માલની કિંમતમાં ઉપરની સુધારણાના કારણે, ચૂકવેલા વધારાના સંકલિત વેરાના રિફંડનો દાવો કરતી કોઈ વ્યક્તિ અને આવા માલની નિકાસના સમયે, જેના પર ચૂકવેલા સંકલિત વેરાનું રિફંડ નિયમ ૯૬ મુજબ અગાઉથી મંજૂર કરવામાં આવ્યું હોય, તો કલમ ૫૪ ના સ્પષ્ટીકરણ (૨) ના ખંડ (ક) મુજબ સંબંધિત તારીખથી બે વર્ષ પૂરા થયા પહેલા નિયમ ૧૦ ખ ની જોગવાઈઓને અધીન રહીને, કોમન પોર્ટલ મારફતે નમૂના જીએસટી આરએફડી-૦૧ માં ઈલેકટ્રોનિક રીતે ચૂકવવામાં આવેલા વધારાના સંકલિત વેરાના આવા રિફંડ માટે અરજી ફાઈલ કરી શકશે:

પરંતુ અધિનિયમની કલમ ૫૪ ના સ્પષ્ટીકરણ (૨) ના ખંડ (ક) મુજબ સંબંધિત તારીખ, આ પેટા-નિયમ અમલમાં આવ્યો હોય તે તારીખ પહેલા હતી, ત્યારે તે કિસ્સામાં રિફંડ માટેની સદરહુ અરજી, આ પેટા-નિયમ અમલમાં આવ્યો હોય તે તારીખથી બે વર્ષ પૂરા થયા પહેલા, ફાઈલ કરી શકાશે.";

(૨) પેટા-નિયમ (૨) માં, ખંડ (ખક) પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

"(ખખ) આવા ભરતિયાની નકલ સાથે નિકાસ ભરતિયાનો ક્રમાંક અને તારીખ, આવા જહાજી માલના ભરતિયા અથવા નિકાસ ભરતિયાની નકલ સાથે, જહાજી માલના ભરતિયા અથવા નિકાસ ભરતિયાનો ક્રમાંક અને તારીખ, અધિકૃત વેપારી-૧ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા બેંક વસૂલાત પ્રમાણપત્ર અથવા વિદેશ આવક ભરણાં પ્રમાણપત્રની નકલ સાથે આવા જહાજી માલના ભરતિયા અથવા નિકાસ ભરતિયાના સંબંધમાં આવા બેંક વસૂલાત પ્રમાણપત્ર અથવા વિદેશ આવક ભરણાંનો ક્રમાંક અને તારીખ, નિયમ ૯૬ ના પેટા-નિયમ (૩) હેઠળ અગાઉથી મંજૂર કરવામાં આવ્યા હોય તેવા રિફંડની વિગતો, પૂરક ભરતિયા અથવા ઉધાર નોંધોની નકલ સાથે કિંમતમાં ઉપરની સુધારણા પછી બહાર પાડવામાં આવેલા આવા સંબંધિત પૂરક ભરતિયા અથવા ઉધાર નોંધોનો ક્રમાંક અને તેની તારીખ, જેના સંબંધમાં આવા રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય તેવા સંકલિત વેરાના વધારાની રકમની ચુકવણી અને તેના પર ચૂકવવામાં આવેલા વ્યાજની વિગતો, વિદેશ આવક ભરણાં પ્રમાણપત્રની નકલ સાથે, નિકાસની કિંમતમાં ઉપરની સુધારણાના સંબંધમાં મેળવેલા વધારાના વિદેશી હૂંડિયામણના ભરણાંના સંબંધમાં, અધિકૃત વેપારી-૧ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા આવા વિદેશ આવક ભરણાં પ્રમાણપત્રનો ક્રમાંક અને તેની તારીખ, નિકાસ પછી માલની કિંમતમાં આવી ઉપરની સુધારણાના કારણે, સદરહુ વધારાના વિદેશી હૂંડિયામણના ભરણાં હોય તે મતલબના વ્યવસાયી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રમાણપત્રનો ક્રમાંક અને તેની તારીખ, નિકાસ પછી માલની કિંમતમાં ઉપરની સુધારણાના કારણે, રિફંડ કરવામાં આવ્યું હોય, ત્યારે તે કિસ્સામાં નિકાસ કરેલા માલ અને તેની કિંમતમાં સુધારણા માટે જરૂરિયાત દર્શાવતા લાગુ પડતા કરાર અથવા અન્ય દસ્તાવેજોની નકલનો ક્રમાંક અને તેની તારીખ ધરાવતું પત્રક;

(ખગ) નિકાસ પછી માલની કિંમતમાં ઉપરની સુધારણાના કારણે, રિફંડ કરવામાં આવ્યું હોય, ત્યારે તે કિસ્સામાં અધિકૃત વેપારી-૧ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા બેંક વસૂલાત પ્રમાણપત્ર અથવા વિદેશ આવક ભરણાંની સંબંધિત વિગતો સાથે, બહાર પાડવામાં આવેલા પૂરક ભરતિયાં, ઉધાર નોંધો અથવા જમા નોંધોમાં જાહેર કરેલા પુરવઠાના મૂલ્યનો હિસાબમેળ કરતા હિસાબમેળ પત્રક;".

૧૮. સદરહુ નિયમોમાં, નિયમ ૯૫ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૯૫ ખ. કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા મેળવેલા માલના આવક પુરવઠા પર ચૂકવેલા વેરાનું રિફંડ.- (૧) નિયમ ૯૫ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૫૫ હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટના યુનિટ દ્વારા ચલાવાતા કેન્ટીન અથવા કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટના અધિકૃત ગ્રાહકોને, માલના અનુગામી પુરવઠાના હેતુઓ માટે, તેના દ્વારા મેળવેલા તેવા માલના તમામ

આવક પુરવઠા પર તેણે ચૂકવેલા, લાગુ પડતા રાજ્ય વેરાના પાંચ ટકા (૫%) રિફંડનો દાવો કરવા માટે પાત્ર હોય તેવા સંરક્ષણ મંત્રાલય હેઠળ કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ, નમૂના જીએસટી આરએફડી-૦૧ માં રિફંડ (મેળવવા) માટે, કોમન પોર્ટલ પર ઈલેકટ્રોનિક રીતે દર ત્રણ મહિનામાં એક વખત અરજી કરવી જોઈશે.

(૨) નમૂના જીએસટી આરએફડી-૧૦ ક માં ફાઈલ કરેલા માલના આવક પુરવઠા પર ચૂકવેલા વેરાનું રિફંડ (મેળવવા) માટેની આવી અરજી સાથે નિયમ ૮૯ ની જોગવાઈઓ અનુસાર નમૂના જીએસટી આરએફડી-૦૧ માં ફાઈલ કરેલા રિફંડ (મેળવવા) માટેની તે અરજીને સમકક્ષ રીતે તજવીજ કરવી જોઈશે.

(૩) અરજદાર દ્વારા ચૂકવેલા વેરાનું રિફંડ નીચેના સંજોગોમાં ઉપલબ્ય રહેશે-

(ક) માલનો આવક પુરવઠો, વેરા ભરતિયા સામે રજિસ્ટર થયેલી વ્યક્તિ પાસેથી મેળવવામાં આવ્યો હોય અને નમૂના જીએસટી આરએફડી-૧ માં જાવક પુરવઠાની તેની વિગતોમાં આવી રજિસ્ટર થયેલી વ્યક્તિએ આવા પુરવઠાની વિગતો પૂરી પાડી હોય તો;

(ખ) અરજદારનું નામ અને તેનો વેરા ભરતિયામાં જણાવવામાં આવ્યો હોય તે માલ અને સેવા વેરા ઓળખ નંબર;

(ગ) કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટના યુનિટ દ્વારા ચલાવાતા કેન્ટીન અથવા કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટના અધિકૃત ગ્રાહકોને અનુગામી પુરવઠો પૂરો પાડવાના હેતુ માટે કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રાપ્ત કરેલો માલ.".

૧૯. સદરહુ નિયમોમાં, નિયમ ૯૬માં,-

(૧) પેટા-નિયમ (૧)માં,-

(ક) ખંડ (ખ)ના પરંતુકમાં, "નમૂના જી.એસ.ટી.આર.-૧ (GSTR-1)માં" એ શબ્દો, અક્ષરો, આંકડા અને કૌંસને બદલે, "કોઈ સુધારો હોય તો, નમૂના જીએસટીઆર-૧ક-માં સુધાર્યા પ્રમાણેની નમૂના જીએસટીઆર-૧-માંની" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા;

(ખ) ખંડ (ગ) પછી, લાંબી લીટીમાં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ માલનો નિકાસકાર, આવા માલની નિકાસ પછી નિકાસ કરેલા માલની કિંમત ફરીથી ચૂકવવાને કારણે ચૂકવેલા વધારાના સંકલિત વેરાના રિફંડ માટેના અને જેના પર આવા માલની નિકાસ વખતે આ નિયમના પેટા-નિયમ (૩)ની જોગવાઈઓ અનુસાર અગાઉથી જ સંકલિત વેરાની રકમ ચૂકવવામાં આવી હોય તેવા કોમન પોર્ટલ મારફતે નમૂના જીએસટી આરએફડી-૧-માં ઈલેક્ટ્રોનિક રીતે એક અરજી ફાઈલ કરી શકશે અને આવી અરજી પર, નિયમ ૮૯ની જોગવાઈઓ અનુસાર ન્યાયનિર્ણય કરવો જોઈશે.";

(૨) પેટા-નિયમ (૨)માં, "નમૂના જીએસટીઆર-૧માં સમાવિષ્ટ" એ શબ્દો, અક્ષરો અને આંકડા પહેલાં, "કોઈ સુધારો હોય તો, નમૂના જીએસટીઆર-૧ક-માં સુધાર્યા પ્રમાણે" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨૦. સદરહુ નિયમોમાં, નિયમ ૯૬ક-માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, ખંડ (ખ)ને બદલે નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) નિકાસકાર દ્વારા, આવી સેવાની ચૂકવણી વિનિમયયોગ્ય વિદેશી હૂંડિયામણમાં અથવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જ્યારે પણ પરવાનગી આપવામાં આવી હોય, ત્યારે ભારતીય રૂપિયામાં પ્રાપ્ત થયેલ ન હોય તો, નિકાસ માટેનું ભરતિયું કાઢી આપ્યાની તારીખથી અથવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા પરવાનગી આપવામાં આવી હોય તેવી કોઈપણ વધારાની મુદત સહિત કમિશનરે મંજૂરી આપી હોય તેવી વધારાની મુદતની તારીખથી એક વર્ષ પૂરું થયા પછી, પંદર દિવસની અંદર અથવા વિદેશી હૂંડિયામણ વ્યવસ્થાપન અધિનિયમ, ૧૯૯૯ (સન ૧૯૯૯ના ૪૨મા) હેઠળ મંજૂર કરેલી મુદતની અંદર-એ બેમાંથી જે મોડું હોય તેટલી મુદતની અંદર,";

(૨) પેટા-નિયમ (૨)માં, "નમૂના જીએસટીઆર-૧માં સમાવિષ્ટ" એ શબ્દો, અક્ષરો અને આંકડા પહેલાં, "કોઈ સુધારો હોય તો, નમૂના જીએસટીઆર-૧ક-માં સુધાર્યા પ્રમાણે" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨૧. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧૦-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૧૧૦. અપીલ ટ્રિબ્યુનલને અપીલ કરવા બાબત.-

(૧) કલમ ૧૧૨-ની પેટા-કલમ (૧) હેઠળની અપીલ, ઈલેક્ટ્રોનિક રીતે સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૫-માં અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ (ફાઈલ) કરવી જોઈશે અને અપીલ કરનારને તરત જ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપવી જોઈશે:

પરંતુ રજિસ્ટ્રાર, તે મતલબનો કોઈ ખાસ અથવા સામાન્ય હુકમ કરીને, કોઈ અપીલને, સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૫-માં હાથથી લખીને અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરવાની મંજૂરી આપે તો જ સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને મર્યાદાઓને અધીન રહીને, તે રીતે અપીલ કરી શકાશે અને આવા કિસ્સામાં, અપીલ કરનારને તરત જ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપવી જોઈશે.

(૨) કલમ ૧૧૨-ની પેટા-કલમ (૫) હેઠળ અપીલ ટ્રિબ્યુનલને, ઈલેક્ટ્રોનિક રીતે નમૂના જીએસટી એપીએલ-૦૬-માં સામા-વાંધાની યાદી રજૂ (ફાઈલ) કરવી જોઈશે:

પરંતુ રજિસ્ટ્રાર, તે મતલબનો કોઈ ખાસ અથવા સામાન્ય હુકમ કરીને, કોઈ અપીલને, સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૬-માં હાથથી લખીને અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરવાની મંજૂરી આપે તો જ સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને મર્યાદાઓને અધીન રહીને, તે રીતે અપીલ કરી શકાશે.

(૩) અપીલ અને સામા-વાંધાની યાદી પર નિયમ ૨૬માં નિર્દિષ્ટ કરેલી રીતે સહી કરવી જોઈશે.

(૪) જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો હોય ત્યારે અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, કોઈ ખામી હોય, તો તે દૂર કરીને નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આપવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપ્યાની તારીખને, પેટા-નિયમ (૧) હેઠળની અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

પરંતુ જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો ન હોય, ત્યારે અપીલ કરનારે, કોઈ ખામી હોય, તો તે દૂર કરીને નમૂના જીએસટી એપીએલ-૦૫-માં (અપીલ) દાખલ કર્યાની તારીખથી સાત દિવસની અંદર સદરહુ હુકમની સ્વ-પ્રમાણિત નકલ, તેમજ અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં રજૂ કરવી અથવા યથાપ્રસંગ, અપલોડ કરવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપ્યાની તારીખને, અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

વધુમાં, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો ન હોય, ત્યારે અપીલ કરનારે, (અપીલ) દાખલ કર્યાની તારીખથી સાત દિવસ પછી, હુકમની સદરહુ સ્વ-પ્રમાણિત નકલ, નમૂના જીએસટી એપીએલ-૦૫-માં રજૂ કરી અથવા યથાપ્રસંગ, અપલોડ કરી હોય ત્યારે, અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, કોઈ ખામી હોય તો, તે દૂર કરીને, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આપવી જોઈશે અને આવી સ્વ-પ્રમાણિત નકલ રજૂ કર્યાની અથવા અપલોડ કર્યાની તારીખને, અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે.

સ્પષ્ટીકરણ.- આ નિયમના હેતુઓ માટે, અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ આપવામાં આવી હોય ત્યારે જ માત્ર અપીલ દાખલ કરેલી હોવાનું ગણાશે.

(૫) અપીલ દાખલ કરવા અથવા અપીલ ફરીથી સ્વીકારવા માટેની ફી, સમાવિષ્ટ વેરા અથવા ઈનપુટ વેરા શાખ-ના અથવા સમાવિષ્ટ વેરામાંના તફાવત અથવા ઈનપુટ વેરા શાખ-ના અથવા જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમમાં નક્કી કરેલા દંડ, ફી અથવા શિક્ષા (પેનલ્ટી)-ની રકમના દરેક એક લાખ રૂપિયા માટે, મહત્તમ પચીસ હજાર રૂપિયાની રકમને અને ઓછામાં ઓછી પાંચ હજાર રૂપિયાની રકમને અધીન રહીને, એક હજાર રૂપિયા રહેશે:

પરંતુ વેરો, વ્યાજ, દંડ, ફી અથવા શિક્ષા (પેનલ્ટી)-ની કોઈપણ માગણી સમાવિષ્ટ કરતા કોઈ હુકમના સંબંધમાં અપીલ દાખલ કરવા માટેની ફી, પચાસ હજાર રૂપિયા રહેશે.

(૬) કલમ ૧૨-ની પેટા-કલમ (૧૦)માં ઉલ્લેખેલ ભૂલોને સુધારવા માટે, અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ કરેલી અરજી માટે કોઈ ફી હોવી જોઈશે નહિ.".

૨૨. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧૧-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૧૧૧. અપીલ ટ્રિબ્યુનલને અરજી કરવા બાબત.- (૧) કલમ ૧૧૨-ની પેટા-કલમ (૩) હેઠળની અરજી, ઈલેક્ટ્રોનિક રીતે સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૭-માં અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ (ફાઈલ) કરવી જોઈશે અને અપીલ કરનારને તરત જ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપવી જોઈશે:

પરંતુ રજિસ્ટ્રાર, તે મતલબનો કોઈ ખાસ અથવા સામાન્ય હુકમ કરીને, કોઈ અરજીને, સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૭-માં હાથથી લખીને અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરવાની મંજૂરી આપે તો જ સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને મર્યાદાઓને અધીન રહીને, તે રીતે અપીલ કરી શકાશે અને આવા કિસ્સામાં, અપીલ કરનારને તરત જ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપવી જોઈશે.

(૨) કલમ ૧૧૨-ની પેટા-કલમ (૫) હેઠળ અપીલ ટ્રિબ્યુનલને, ઈલેક્ટ્રોનિક રીતે નમૂના જીએસટી એપીએલ-૦૬-માં સામા-વાંધાની યાદી રજૂ (ફાઈલ) કરવી જોઈશે:

પરંતુ રજિસ્ટ્રાર, તે મતલબનો કોઈ ખાસ અથવા સામાન્ય હુકમ કરીને, કોઈ અપીલને, સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૬-માં હાથથી લખીને અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરવાની મંજૂરી આપે તો જ સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને મર્યાદાઓને અધીન રહીને, તે રીતે અપીલ કરી શકાશે.

(૩) અપીલ અને સામા-વાંધાની યાદી પર નિયમ ૨૬માં નિર્દિષ્ટ કરેલી રીતે સહી કરવી જોઈશે.

(૪) જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો હોય ત્યારે અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, કોઈ ખામી હોય, તો તે દૂર કરીને નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આપવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપ્યાની તારીખને, પેટા-નિયમ (૧) હેઠળની અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

પરંતુ જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો ન હોય, ત્યારે અપીલ કરનારે, કોઈ ખામી હોય, તો તે દૂર કરીને નમૂના જીએસટી એપીએલ-૦૭-માં (અપીલ) દાખલ કર્યાની તારીખથી સાત દિવસની અંદર સદરહુ હુકમની સ્વ-પ્રમાણિત નકલ તેમજ અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં રજૂ કરવી અથવા યથાપ્રસંગ, અપલોડ કરવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ આપ્યાની તારીખને, અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

વધુમાં, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કર્યો ન હોય, ત્યારે અપીલ કરનારે, નમૂના જીએસટી એપીએલ-૦૭-માં (અપીલ) દાખલ કર્યાની તારીખથી સાત દિવસ પછી, હુકમની સદરહુ સ્વ-પ્રમાણિત નકલ, રજૂ કરી અથવા યથાપ્રસંગ, અપલોડ કરી હોય ત્યારે, અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ, કોઈ ખામી હોય તો, તે દૂર કરીને, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આપવી જોઈશે અને આવી સ્વ-પ્રમાણિત નકલ રજૂ કર્યાની અથવા અપલોડ કર્યાની તારીખને, અપીલ દાખલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે.

સ્પષ્ટીકરણ ૧.- આ નિયમના હેતુઓ માટે, અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ આપવામાં આવી હોય ત્યારે જ માત્ર અપીલ દાખલ કરેલી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.- નિયમો-૧૧૦ અને ૧૧૧-ના હેતુઓ માટે, 'રજિસ્ટ્રાર' એટલે આ હેતુ માટે સરકારે નિમેલા રજિસ્ટ્રાર અને તેમાં, સંયુક્ત રજિસ્ટ્રાર, નાયબ રજિસ્ટ્રાર અને મદદનીશ રજિસ્ટ્રાર-નો સમાવેશ થશે.".

૨૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧૩ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૧૩ક. અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ (ફાઈલ) કરેલી અપીલ અથવા અરજી પાછી ખેંચવા બાબત.- અપીલ કરનાર, કલમ ૧૧૩-ની પેટા-કલમ (૧) હેઠળનો હુકમ થયા પહેલાં કોઈપણ સમયે, નમૂના જીએસટી એપીએલ-૦૫-માં દાખલ કરેલી કોઈપણ અરજીના સંબંધમાં, નમૂના જીએસટી એપીએલ-૦૫/૦૭ ડબલ્યૂ-માં અરજી રજૂ (ફાઈલ) કરીને, સદરહુ અપીલ અથવા યથાપ્રસંગ, અરજી પાછી ખેંચવા માટેની અરજી દાખલ કરી શકશે.

પરંતુ નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આખરી સ્વીકૃતિ પહોંચ આપવામાં આવી હોય, ત્યારે અપીલ ટ્રિબ્યુનલની મંજૂરીને અધીન રહીને, સદરહુ અપીલ અથવા યથાપ્રસંગ, અરજી પાછી ખેંચવાની રહેશે અને આવી અપીલ અથવા અરજી પાછી ખેંચવા માટેની અરજીનો, અપીલ ટ્રિબ્યુનલ દ્વારા તે રજૂ કર્યાના પંદર દિવસની અંદર નિર્ણય કરવો જોઈશે:

વધુમાં, અપીલ કરનારે, પાછી ખેંચવા માટે તે મુજબ દાખલ કરેલી નવી અપીલ અથવા યથાપ્રસંગ, અરજી, કલમ ૧૧૨-ની પેટા-કલમ (૧) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર દાખલ કરવી જોઈશે.".

૨૪. સદરહુ નિયમોમાં, જાહેરનામાની તારીખથી અમલમાં આવે તે રીતે, નિયમ ૧૩૮-માં, પેટા-નિયમ (૩)માં, ત્રીજા પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વળી, જેણે પેટા-નિયમ (૧)ના ચોથા પરંતુકની શરતો મુજબ નમૂના જીએસટી ઈડબલ્યૂબી-૦૧-માં ઈ-વે બિલ જનરેટ કરવું જરૂરી હોય તેવી અથવા જે કોમન પોર્ટલ પર નમૂના જીએસટી ઈડબલ્યૂબી-૦૧-માં ઈ-વે બિલ જનરેટ કરવા ઈચ્છતી હોય તેવી રજિસ્ટર નહિ થયેલી કોઈ વ્યક્તિ-એ, પ્રત્યક્ષ રીતે અથવા કમિશનરે જાહેર કરેલા કોઈ સુવિધા કેન્દ્ર મારફત કોમન પોર્ટલ ઉપર ઈલેક્ટ્રોનિક રીતે નમૂના જીએસટી ઈએનઆર-૦૩-માં વિગતો રજૂ કરવી જોઈશે અને આ રીતે રજૂ કરેલી વિગતો માન્ય થયે, સદરહુ વ્યક્તિને, એક વિશિષ્ટ નામ-નોંધણી (એનરોલમેન્ટ) નંબર જનરેટ કરીને તેની જાણ કરવી જોઈશે.".

૨૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪૨-માં,-

(૧) પેટા-નિયમ (૨)માં, "તેણે આવા ચુકવણીની યોગ્ય અધિકારીને નમૂના જીએસટી ડીઆરસી-૦૩માં જાણ કરવી જોઈશે અને યોગ્ય અધિકારી, સદરહુ વ્યક્તિએ નમૂના જીએસટી ડીઆરસી-૦૪માં કરેલ ચુકવણીનો સ્વીકાર કરી પહોંચ આપશે." એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "તેણે આવી ચુકવણીની યોગ્ય અધિકારીને નમૂના જીએસટી ડીઆરસી-૦૩-માં જાણ કરવી જોઈશે અને વ્યક્તિને, નમૂના જીએસટી ડીઆરસી-૦૪-માં એક સ્વીકૃતિ પહોંચ ઉપલભ્ય કરાવવી જોઈશે." એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) પેટા-નિયમ (૨ક)માં, "નમૂના જીએસટી ડીઆરસી-૦૧ક-ના ભાગ-ખમાં એવી રજૂઆત કરી શકશે." એ શબ્દો, અક્ષરો, આંકડા અને ચિહ્નને બદલે, "નમૂના જીએસટી ડીઆરસી-૦૧ક-ના ભાગ ખમાં એવી રજૂઆત કરી શકશે અને ત્યાર પછી, યોગ્ય અધિકારી, સદરહુ વ્યક્તિએ કરેલી ચૂકવણી અથવા રજૂઆતો અથવા યથાપ્રસંગ, તે બન્નેનો સ્વીકાર કરીને, તેની જાણ નમૂના જીએસટી ડીઆરસી-૦૧ક-ના ભાગ-ગમાં કરી શકશે." એ શબ્દો, અક્ષરો, આંકડા અને ચિહ્ન મૂકવા;

(૩) પેટા-નિયમ (૨ક) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

"(૨ખ) કોઈ વ્યક્તિએ, તેણે ચૂકવવાપાત્ર વેરા, વ્યાજ, દંડ (પેનલ્ટી)-ની રકમ અથવા કલમ ૫૨ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ અથવા કલમ ૭૬ અથવા કલમ ૧૨૨ અથવા કલમ ૧૨૩ અથવા કલમ ૧૨૪ અથવા કલમ ૧૨૫ અથવા કલમ ૧૨૭ અથવા કલમ ૧૨૯ અથવા કલમ ૧૩૦ હેઠળની રકમ, નમૂના જીએસટી પીએમટી-૦૧-માંના ઈલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરમાં સદરહુ માગણી માટે બનાવેલ ઉધાર નોંધ સામે જમા કરવાને બદલે, પેટા-નિયમ (૨) હેઠળ નમૂના જીએસટી ડીઆરસી-૦૩-માં તેની જાણ કરીને, ચૂકવેલી હોય ત્યારે, સદરહુ વ્યક્તિ, કોમન પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક રીતે નમૂના જીએસટી ડીઆરસી-૦૩ક-માં અરજી દાખલ (ફાઈલ) કરી શકશે અને આવી રીતે નમૂના જીએસટી ડીઆરસી-૦૩-થી ચૂકવીને, તેની જાણ કરેલી રકમ, જાણે કે સદરહુ ચૂકવણી નમૂના જીએસટી ડીઆરસી-૦૩-થી કરેલી જાણની તારીખે સદરહુ માગણી સામે કરેલી હોય તે રીતે, નમૂના જીએસટી પીએમટી-૦૧-માંના ઈલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરમાં સદરહુ માગણી માટે બનાવેલ ઉધાર નોંધ સામે જમા કરવી જોઈશે:

પરંતુ જીએસટી ડીઆરસી-૦૩-માંની રકમની ચૂકવણીના સંબંધમાં કાર્યવાહીની સમાપ્તિ કરતો કોઈ હુકમ, પેટા-નિયમ (૩)ની શરતો મુજબ નમૂના જીએસટી ડીઆરસી-૦૫-માં કરવામાં આવ્યો હોય ત્યારે, સદરહુ વ્યક્તિ દ્વારા સદરહુ ચૂકવણીના સંબંધમાં નમૂના જીએસટી ડીઆરસી-૦૩ક-માં અરજી દાખલ કરી શકાશે નહિ.".

૨૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬૩-માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ)માં, "નમૂના જીએસટીઆર-૧માં" એ શબ્દો, અક્ષરો અને આંકડા પહેલાં, "કોઈ સુધારો હોય તો, નમૂના જીએસટીઆર-૧ક-માં સુધાર્યા પ્રમાણે" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨૭. સદરહુ નિયમોમાં, જાહેરનામાની તારીખથી અમલમાં આવે તે રીતે, નમૂનો જીએસટી ઈએનઆર-૦૨ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

"નમૂનો જીએસટી ઈએનઆર-૦૩

[જુઓ નિયમ ૧૩૮(૩)]

નામ-નોંધણી (એનરોલમેન્ટ) માટેની અરજી

[ફક્ત રજિસ્ટર નહિ થયેલી વ્યક્તિઓ માટે]

૧. રાજ્યનું નામ:

૨. (ક) કાયમી ખાતા નંબર (PAN) મુજબ નામ:

(ખ) વેપારનું નામ, કંઈ હોય તો:

(ગ) કાયમી ખાતા નંબર:

(ઘ) આધાર, લાગુ પડતું હોય તો (વૈકલ્પિક):

૩. નામ-નોંધણીનો પ્રકાર:

(૧) રજિસ્ટર નહિ થયેલા માલના પુરવઠાકાર (૨) રજિસ્ટર નહિ થયેલા માલને મેળવનાર

(૩) (૧) અને (૨) બન્ને

૪. સંપર્ક (કરવા માટે)ની માહિતી (પ્રમાણિત કરવા માટે ઈ-મેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબર-નો ઉપયોગ કરવો.):

ઈ-મેઈલ એડ્રેસ-

મોબાઈલ નંબર-

૫. સંમતિ:

હું, <નમૂનામાં જણાવેલ આધાર નંબરના આધારે પહેલેથી ભરવામાં આવેલ> આધાર નંબર ધરાવનાર વતી પ્રમાણિત કરવાના હેતુસર યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડીયા (UIDAI) પાસેથી મારી વિગતો મેળવવા માટે, "માલ અને સેવા કર નેટવર્ક"ને સંમતિ આપુ છું. "માલ અને સેવા કર નેટવર્ક"-એ મને જણાવ્યું છે કે ઓળખની માહિતીનો ઉપયોગ ફક્ત આધાર ધરાવનારની ઓળખને માન્ય કરવા માટે થશે અને પ્રમાણિત કરવાના હેતુસર કેન્દ્રીય ઓળખ ડેટા રિપોઝિટરીને આપવામાં આવશે.

૬. અપલોડ કરેલા દસ્તાવેજોની યાદી:

૭. ખરાઈ:

હું, આથી, ગંભીરતાપૂર્વક જણાવું છું અને જાહેર કરુ છું કે અહીં ઉપર આપેલ માહિતી મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે અને તેમાં કંઈ પણ છુપાવવામાં આવ્યું નથી.

સ્થળ: અધિકૃત સહી કરનારની સહી

તારીખ: નામ

કચેરી ઉપયોગ માટે:

નામ-નોંધણી નંબર: તારીખ- "

૨૮. સદરહુ નિયમોમાં, સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અમલમાં આવે તે રીતે, નમૂના જીએસટીઆર-૧માં,-

(૧) અનુક્રમાંક ૫-માં, શીર્ષકમાં, "રૂ. ૨.૫ લાખ" એ અક્ષર, આંકડા અને શબ્દ ને બદલે, "રૂ. ૧ લાખ" એ અક્ષર, આંકડા અને શબ્દ મૂકવા;

(૨) અનુક્રમાંક ૭-માં, કોષ્ટકમાં, અનુક્રમાંક ૭ખ-માં, શીર્ષકમાં, "રૂ. ૨.૫ લાખ" એ અક્ષર, આંકડા અને શબ્દને બદલે, "રૂ. ૧ લાખ સુધી" એ અક્ષર, આંકડા અને શબ્દ મૂકવા;

(૩) અનુક્રમાંક ખ, કોષ્ટક, ખાસ સૂચનાઓ-માં, કોષ્ટકમાં, ત્રીજી કોલમમાં, અનુક્રમાંક ૩ સામે, "રૂ. ૨.૫૦ લાખ" એ અક્ષર, આંકડા અને શબ્દને બદલે, "રૂ. ૧ લાખ" એ અક્ષર, આંકડા અને શબ્દ મૂકવા.

૨૯. સદરહુ નિયમોમાં, નમૂનો જીએસટીઆર-૧ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

"નમૂનો જીએસટીઆર-૧ક

[જુઓ નિયમ ૫૯(૧)નો પરંતુક]

ચાલુ વેરા મુદત માટે માલ અને સેવાના જાવક પુરવઠા (outward supply)નો સુધારો

[નાણાકીય વર્ષ]				
[વેરા મુદત]				

૧.		GSTIN (માલ અને સેવા વેરા ઓળખ નંબર)															
૨.	(ક)	રજિસ્ટર થયેલી વ્યક્તિનું કાનૂની નામ															
	(ખ)	વેપારનું નામ, કંઈ હોય તો															
૩.	(ક)	ARN (અરજી સંદર્ભ નંબર)	<ઓટો>														
	(ખ)	ARNની તારીખ	<ઓટો>														

૪. કોષ્ટક ૬થી આવરી લેવાયેલા પુરવઠા સિવાય (UIN (વિશિષ્ટ ઓળખ નંબર)-ધરાવનાર સહિત)ની રજિસ્ટર થયેલી વ્યક્તિઓને પૂરા પાડવામાં આવેલ વેરાપાત્ર જાવક પુરવઠા (દરેક કોષ્ટક માટે રકમ રૂ.માં)

GSTIN/ UIN	ભરતિયાની વિગતો			દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ				પુરવઠાનું સ્થળ (રાજ્ય/ સંઘપ્રદેશ (UT))નું નામ
	ક્રમાંક	તારીખ	મૂલ્ય			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/ સંઘપ્રદેશ (UT) વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૪ક. [(TCS (Tax Collected at Source-મૂળ સ્થાને વસૂલ કરેલા વેરા) જેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત પૂરા પાડેલ પુરવઠા સહિતના) વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે હોય તેવા] અન્ય પુરવઠા										
૪ખ. વિપરીત ચાર્જ (reverse charge)ને આધારે વેરો લાગુ પડતો હોય તેવા પુરવઠા										

૫. ભરતિયાનું મૂલ્ય રૂ. ૧ લાખ કરતાં વધુ હોય તેવા રજિસ્ટર નહિ થયેલી વ્યક્તિઓને પૂરા પાડવામાં આવેલ વેરાપાત્ર આંતર-રાજ્ય જાવક પુરવઠા

પુરવઠાનું સ્થળ (રાજ્ય/સંઘપ્રદેશ (UT))	ભરતિયાની વિગતો			દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ	
	ક્રમાંક	તારીખ	મૂલ્ય			સંકલિત વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૫. જાવક પુરવઠા (ઈ-કોમર્સ ઓપરેટર મારફત દર પ્રમાણે કરેલ પુરવઠા સહિત)							

૬. શૂન્ય દરના પુરવઠા અને માની લીધેલી નિકાસ

(માલ) મેળવનારનો GSTIN	ભરતિયાની વિગતો			જહાજી માલનું ભરતિયું/ નિકાસનું ભરતિયું		સંકલિત વેરો			કેન્દ્રીય વેરો			રાજ્ય/ સંઘપ્રદેશ (UT) વેરો			ઉપકર
	ક્રમાંક	તારીખ	મૂલ્ય	ક્રમાંક	તારીખ	દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ	દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ	દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૬ક. નિકાસો															
૬ખ. સેઝ (Special Economic Zone) યુનિટ અથવા સેઝ ડેવલોપર (વિકાસકર્તા)ને કરેલ પુરવઠા															
૬ગ. માની લીધેલી નિકાસ															

૭. રજિસ્ટર નહિ થયેલી વ્યક્તિઓને કોષ્ટક ૫-માં આવરી લેવાયેલ પુરવઠા સિવાયના વેરાપાત્ર પુરવઠા (ઉધાર નોંધો અને જમા નોંધો-ના નેટ (કુલ))

વેરાનો દર	કુલ વેરાપાત્ર મૂલ્ય	રકમ			
		સંકલિત (વેરો)	કેન્દ્રીય (વેરો)	રાજ્ય/ સંઘપ્રદેશ (UT) વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬
૭ક. રાજ્યાંતર્ગત પુરવઠા					
સંકલિત દર મુજબના જાવક પુરવઠા [TCS જેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત પૂરા પાડેલ પુરવઠા સહિત]					
૭ખ. ભરતિયાનું મૂલ્ય રૂ. ૧ લાખ સુધી હોય તેવા આંતરરાજ્ય પુરવઠા [દર પ્રમાણે]- સંકલિત દર મુજબના જાવક પુરવઠા [TCS જેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત પૂરા પાડેલ પુરવઠા સહિત]					
પુરવઠાનું સ્થળ (રાજ્યનું નામ)					

૮. શૂન્ય દરના, મુક્તિ આપેલા અને જીએસટી વગરના જાવક પુરવઠા

વર્ણન	શૂન્ય દરના પુરવઠા	(શૂન્ય દરના/ જીએસટી વગરના પુરવઠા સિવાયના અન્ય) મુક્તિ આપેલા (પુરવઠા)	જીએસટી વગરના પુરવઠા
૧	૨	૩	૪
૮ક. રજિસ્ટર થયેલી વ્યક્તિઓને આંતર-રાજ્ય પુરવઠા			
૮ખ. રજિસ્ટર થયેલી વ્યક્તિઓને રાજ્યાંતર્ગત પુરવઠા			
૮ગ. રજિસ્ટર નહિ થયેલી વ્યક્તિઓને આંતર-રાજ્ય પુરવઠા			
૮ઘ. રજિસ્ટર નહિ થયેલી વ્યક્તિઓને રાજ્યાંતર્ગત પુરવઠા			

૯. કોષ્ટકો ૪, ૫ અને ૬માં ચાલુ વેરા મુદત માટે નમૂના-જીએસટીઆર-૧-માં રજૂ કરેલી વેરાપાત્ર જાવક પુરવઠાની વિગતોના સુધારા [ચાલુ મુદત દરમિયાન કાઢવામાં (ઇસ્યુ કરવામાં) આવેલી ઉધાર અને જમા નોંધો તેમજ તેના સુધારા સહિત]

અસલ દસ્તાવેજની વિગતો			દસ્તાવેજની સુધારેલ વિગતો અથવા અસલ ઉધાર કે જમા નોંધોની વિગતો						દર	વેરાપાત્ર મૂલ્ય	રકમ				માલ પૂરો પાડવાનું સ્થળ
GSTIN	દસ્તાવેજ ક્રમાંક	દસ્તાવેજ તારીખ	GSTIN	દસ્તાવેજ		માલનું ભરતિયું		મૂલ્ય			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/ સંઘપ્રદેશ (UT) વેરો	ઉપકર	
				ક્રમાંક	તારીખ	ક્રમાંક	તારીખ								
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૯ક. ભરતિયા/માલના ભરતિયા-ની રજૂ કરેલી વિગતોનો સુધારો															
૯ખ. ઉધાર નોંધો/જમા નોંધો [અસલ]															
૯ગ. ઉધાર નોંધો/જમા નોંધો [સુધરેલ]															

૧૦. કોષ્ટક ૭માં પત્રકમાં ચાલુ વેરાની મુદત માટે નમૂના જીએસટીઆર-૧માં રજૂ કરેલ રજિસ્ટર ન થયેલી વ્યક્તિઓને કરેલ વેરાપાત્ર જાવક પુરવઠાના સુધારા

વેરાનો દર	કુલ વેરાપાત્ર મૂલ્ય	રકમ			
		સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી વેરો યુટી વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬
જે વેરાની મુદત માટે વિગતો સુધારેલ હોય તે		ચાલુ વેરા મુદત અહીં ઓટો-પોપ્યુલેટ થવી જોઈશે.			
૧૦ક. રાજ્યાંતર્ગત પુરવઠા [ટીસીએસ જેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠા સહિત] [દર પ્રમાણે]					
૧૦ખ. આંતરરાજ્ય પુરવઠા [ટીસીએસ જેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠા સહિત] [દર પ્રમાણે]					
પુરવઠાનું સ્થળ (રાજ્યનું નામ)					

૧૧. ચાલુ વેરાની મુદતમાં મળેલ પેશગીઓ/સરભર કરેલ પેશગીનું એકત્રિત પત્રક/ચાલુ વેરાની મુદતમાં રજૂ કરેલ માહિતીના સુધારા [(રિફંડ વાઉચરની ચોખ્ખી (રકમ), જો કંઈ હોય તો)

દર	મળેલ/સરભર કરેલ કુલ પેશગી	માલ પૂરો પાડવાનું સ્થળ	રકમ			
			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી વેરો, યુટી વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭
૧ ચાલુ વેરા મુદત માટેની માહિતી						
૧૧ક. વેરાની મુદતમાં મળેલ પેશગીની રકમ કે જેના માટે ભરતિયું કાઢી આપવામાં આવેલ ન હોય (વેરાની રકમ ઉત્પાદન (આઉટપુટ) વેરાની જવાબદારીમાં ઉમેરવામાં આવશે)						
૧૧ક (૧). રાજ્યાંતર્ગત પુરવઠા (દર પ્રમાણે)						
૧૧ક (૨). આંતરરાજ્ય પુરવઠા (દર પ્રમાણે)						
૧૧ખ. અગાઉના વેરાની મુદતમાં મળેલ અને પુરવઠા સામે સરભર કરેલ પેશગીની રકમ આ વેરાની મુદતમાં કોષ્ટક ક્રમાંક ૪, ૫, ૬ અને ૭માં દર્શાવેલી						
૧૧ખ (૧). રાજ્યાંતર્ગત પુરવઠા (દર પ્રમાણે)						
૧૧ખ (૨). આંતરરાજ્ય પુરવઠા (દર પ્રમાણે)						
૨ ચાલુ વેરા મુદત માટે જીએસટીઆર-૧ પત્રકમાં કોષ્ટક નંબર ૧૧[૧]માં પૂરી પાડવામાં આવેલ માહિતીના સુધારા [સુધારેલી માહિતી પૂરી પાડવી]						
મહિનો		પત્રક ક્રમાંક (પસંદ કરો)માં પૂરી પાડવામાં આવેલ માહિતીને લગતો સુધારો			૧૧ક(૧)	૧૧ક(૨)	૧૧ખ(૧)	૧૧ખ(૨)

૧૨. જાવક પુરવઠાનો એચએસએન-પ્રમાણે સારાંશ

અનુક્રમાંક	એચએસએન	વર્ણન	યુક્યુસી	કુલ જથ્થો	વેરાનો દર	કૂલ વેરાપાત્ર મૂલ્ય	રકમ			
							સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજયક્ષેત્ર) વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

૧૩. વેરાની મુદત દરમિયાન કાઢી આપવામાં આવેલ દસ્તાવેજો

અનુક્રમાંક	દસ્તાવેજનો પ્રકાર	અનુક્રમાંક		કુલ સંખ્યા	રદ કરેલ	કુલ કાઢી આપેલ
		થી	સુધી			
૧	૨	૩	૪	૫	૬	૭
૧	જાવક પુરવઠા માટેનું ભરતિયું					
૨	રજિસ્ટર ન થયેલ વ્યક્તિ પાસેથી મેળવેલ આવક પુરવઠાનું ભરતિયું					
૩	સુધારેલ ભરતિયું					
૪	ઉધાર નોંધ					
૫	જમા નોંધ					
૬	પહોંચ વાઉચર					
૭	ચુકવણી વાઉચર					
૮	રિફંડ વાઉચર					
૯	છૂટક કામ (જોબ વર્ક) માટેનું સોંપણી ચલણ					
૧૦	મંજૂર થયેથી પુરવઠાનું સોંપણી ચલણ					
૧૧	પ્રવાહી (લિક્વીડ) ગેસના કિસ્સામાં સોંપણી ચલણ					
૧૨	પુરવઠા સિવાયના અન્ય કિસ્સાઓમાં સોંપણી ચલણ					

૧૪. અધિનિયમની કલમ ૫૨ હેઠળ વેરો વસૂલવા અથવા કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા ઈ-કોમર્સ ઓપરેટર જવાબદાર હોઈ, તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલી પુરવઠાની વિગતો. [પુરવઠાકારે જાણ કરવી)

પુરવઠાનો પ્રકાર	ઈ-કોમર્સ ઓપરેટરનું જીએસટીન	પુરવઠાનું ચોખ્ખું મૂલ્ય	વેરાની રકમ			
			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજયક્ષેત્ર) વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭
(ક) જે પુરવઠા પર ઈ-કોમર્સ ઓપરેટર કલમ ૫૨ હેઠળ વેરો વસૂલવા જવાબદાર હોઈ તે પુરવઠો						
(ખ) જે પુરવઠા પર ઈ-કોમર્સ ઓપરેટર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોઈ તે પુરવઠો						

૧૪ક. અધિનિયમની કલમ ૫૨ હેઠળ વેરો વસૂલવા અથવા કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા ઈ-કોમર્સ ઓપરેટર જવાબદાર હોઈ, તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલી પુરવઠાની વિગતોનો સુધારો. [પુરવઠાકારે જાણ કરવી)

૧૫. કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર વેરો ચૂકવવા જવાબદાર હોય, તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલા પુરવઠાની વિગતો. [ઈ-કોમર્સ ઓપરેટરે જાણ કરવી]

પુરવઠાનો પ્રકાર	મૂળ વિગતો		સુધારેલી વિગતો	પુરવઠાનું ચોખ્ખું મૂલ્ય	વેરાની રકમ			
	માસ/ત્રિમાસ	ઈ-કોમર્સ ઓપરેટરનું જીએસટીન	ઈ-કોમર્સ ઓપરેટરનું જીએસટીન		સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજયક્ષેત્ર) વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
(ક) જે પુરવઠા પર ઈ-કોમર્સ ઓપરેટર કલમ ૫૨ હેઠળ વેરો વસૂલવા જવાબદાર હોઈ તે પુરવઠો								
(ખ) જે પુરવઠા પર ઈ-કોમર્સ ઓપરેટર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોઈ તે પુરવઠો								

૧૫ક (૧) કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર વેરો ચૂકવવા જવાબદાર હોય, તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલા પુરવઠાની વિગતોનો સુધારો. [રજિસ્ટર થયેલ માલ લેનાર માટે, ઈ-કોમર્સ ઓપરેટરે જાણ કરવી]

પુરવઠાકારનો પ્રકાર	મેળવનારનો પ્રકાર	પુરવઠાકારનો જીએસટીન	મેળવનારનું જીએસટીન	દસ્તાવેજ ક્રમાંક	દસ્તાવેજ તારીખ	દર	કરેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
								સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજયક્ષેત્ર) વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
રજિસ્ટર થયેલ	રજિસ્ટર થયેલ											
	રજિસ્ટર ન થયેલ											
રજિસ્ટર ન થયેલ	રજિસ્ટર થયેલ											
	રજિસ્ટર ન થયેલ											

પુરવઠાકાર નો પ્રકાર	મૂળ વિગતો				સુધારેલી વિગતો				દર	કરેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
	પુરવઠાકારનો જીએસટીન	મેળવનારનું જીએસટીન	દસ્તાવેજ ક્રમાંક	દસ્તાવેજ તારીખ	પુરવઠાકારનો જીએસટીન	મેળવનારનું જીએસટીન	દસ્તાવેજ ક્રમાંક	દસ્તાવેજ તારીખ			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજયક્ષેત્ર) વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
રજિસ્ટર થયેલ															
રજિસ્ટર ન થયેલ															

૧૫ક (૨) કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર વેરો ચૂકવવા જવાબદાર હોય, તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલા પુરવઠાની વિગતોનો સુધારો. [રજિસ્ટર થયેલ માલ લેનાર માટે, ઈ-કોમર્સ ઓપરેટરે જાણ કરવી]

પુરવઠાકાર નો પ્રકાર	મૂળ વિગતો		સુધારેલી વિગતો	દર		કરેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
	પુરવઠાકારનો જીએસટીન	વેરા મુદત	પુરવઠાકારનું જીએસટીન				સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/યુટી (સંઘ રાજય ક્ષેત્ર) વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫		૬	૭	૮	૯	૧૦	૧૧
રજિસ્ટર થયેલ											
રજિસ્ટર ન થયેલ											

જીએસટીઆર-૧ક ભરવા માટેના સૂચનો:

૧. ચાલુ વેરા મુદતના નમૂના જીએસટીઆર-૧માં જણાવવામાં બાકી રહી ગયેલી ચાલુ વેરા મુદતની કોઈપણ વિગતો ઉમેરવા અથવા ચાલુ વેરા મુદતના નમૂના જીએસટીઆર-૧માં અગાઉથી જાહેર કરેલી કોઈપણ વિગતો સુધારવા (ત્રિમાસિક વેરાદાતા માટે, આઈએફએફ-માં જાહેર કરેલી હોય તે સહિતની, ત્રિમાસના પ્રથમ અને બીજા મહિના માટે, જો કંઈ હોય તો તે) માટેની વધારાની સગવડ પૂરી પાડવામાં આવી છે. નમૂનો, વિલંબ ફીની વસૂલાત સિવાયનો એક વૈકલ્પિક નમૂનો છે.

૨. નમુનો, નમૂનો જીએસટીઆર-૧ ભરવાની નિયત તારીખ અથવા નમૂનો જીએસટીઆર-૧ ભરવાની વાસ્તવિક તારીખ પછી, બન્નેમાંથી જે મોડું હોય, ત્યારથી તે જ વેરા મુદતના તત્સમાન નમૂનો જીએસટીઆર-૩ખ ભરવા સુધી, પોર્ટલ પર ઉપલભ્ય રહેશે. તેવી જ રીતે, ત્રિમાસિક વેરાદાતા માટે, નમૂનો જીએસટીઆર-૧ક, નમૂનો જીએસટીઆર-૧ (ત્રિમાસિક) ભર્યા પછી અથવા નમૂનો જીએસટીઆર-૧ (ત્રિમાસિક) ભરવાની નિયત તારીખ પછી, બન્નેમાંથી જે મોડું હોય, ત્યારથી તે જ વેરા મુદતનો નમૂનો જીએસટીઆર-૩ખ ભરવા સુધી, (પોર્ટલ) પર ત્રિમાસિક ઉપલભ્ય કરાવવો જોઈશે.

૩. નમૂના જીએસટીઆર-૧-માં જાહેર કરેલી વિગતો સાથેની નમૂના જીએસટીઆર-૧ક-માં જાહેર કરેલી વિગતો, નમૂના જીએસટીઆર-૩ખ-માં ઉપલભ્ય કરાવવી જોઈશે. વેરાદાતા ત્રિમાસિક પત્રકો ભરવાનો વિકલ્પ પસંદ કરે તેવા કિસ્સામાં, તે (વિગતો), નમૂના જીએસટીઆર-૧-માં પૂરી પાડેલી અને મહિનો એમ૧ અને એમ૨ (જો ભરેલા હોય તો તે)ના આઈએફએફની વિગતો સાથે, નમૂના જીએસટીઆર-૩ખ (ત્રિમાસિક)-માં ઉપલભ્ય કરાવવી જોઈશે.

૪. માલ મેળવનારના જીએસટીનના ફેરફાર સાથે સંબંધિત હોય તેવા દસ્તાવેજના સુધારાની, જીએસટીઆર-૧ક-માં મંજૂરી આપવી જોઈશે નહિ.

૫. અગાઉથી જનરેટ થયેલ નમૂના જીએસટીઆર-૨ખ સિવાય, જીએસટીઆર-૨ખ-માં પણ, સંબંધિત પુરવઠાકારે જીએસટીઆર-૧ક-માં જાહેર કરેલ તમામ પુરવઠાનો સમાવેશ થશે. તેમ છતા, નમૂના જીએસટીઆર-૧ક-માં જાહેર કરેલ અથવા સુધારેલ પુરવઠો, પછીના નમૂના જીએસટીઆર-૨-ખ-માં ઉપલભ્ય કરાવવો જોઈશે. ઊદાહરણ તરીકે,

(૧) પુરવઠાકાર સન ૨૦૨૩-ના જાન્યુઆરી મહિનામાં ઈન્વોઈસ૧ અને ઈન્વોઈસ૨ તેમ બે ભરતિયા બહાર પાડે છે. ત્યારબાદ, તે સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૮મી તારીખે ઈન્વોઈસ૧ ભરતિયાની વિગતો, નમૂના જીએસટીઆર-૧-માં ૨જૂ કરે છે. તેમ છતા, તે ઈન્વોઈસ૨ એ ભરતિયું (ભરવાનું) ચૂકી જાય છે અને તે ભરતિયાની વિગતો સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૫-મી તારીખે નમૂના જીએસટીઆર-૧ક-માં ૨જૂ કરે છે. આ કિસ્સામાં, ઈન્વોઈસ૧, સન ૨૦૨૩-ના ફેબ્રુઆરી મહિનાની ૧૪મી તારીખે ઉપલબ્ધ કરાવેલ જાન્યુઆરી મહિના માટે માલ મેળવનારના નમૂના જીએસટીઆર-૨-ખ-માં જશે. વધુમાં, ઈન્વોઈસ૨ને, ફેબ્રુઆરી મહિના માટે, માલ મેળવનારના નમૂના જીએસટીઆર-૨-ખ-માં, સન ૨૦૨૩-ના માર્ચ મહિનાની ૧૪મી તારીખે ઉપલબ્ધ કરાવવું જોઈશે.

(૨) પુરવઠાકાર સન ૨૦૨૩-ના જાન્યુઆરી મહિનામાં ઈન્વોઈસ૩ અને ઈન્વોઈસ૪ તેમ બે ભરતિયા બહાર પાડે છે. ત્યારબાદ, તે સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૫-મી તારીખે ઈન્વોઈસ૩ ભરતિયાની વિગતો, નમૂના જીએસટીઆર-૧-માં ૨જૂ કરે છે. તેમ છતા, તે સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬-મી તારીખે ઈન્વોઈસ૪ નમૂના જીએસટીઆર-૧ક-માં જાહેર કરે છે. આ કિસ્સામાં, ઈન્વોઈસ ૩ અને ઈન્વોઈસ ૪ બન્નેને, ફેબ્રુઆરી મહિના માટે, માલ મેળવનારના નમૂના જીએસટીઆર-૨-ખ-માં, સન ૨૦૨૩-ના માર્ચ મહિનાની ૧૪મી તારીખે ઉપલબ્ધ કરાવવા જોઈશે.

૬. વિશેષ કોષ્ટકના સૂચનો:-

કોષ્ટક ક્રમાંક.	**સૂચનો**
૪ક, ૪ખ, ૫, ૬, ૯ખ (રજિસ્ટર થયેલ માલ મેળવનાર માટે)	• વેરાદાતા, નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરી હોય તે સિવાયની, ચાલુ વેરા મુદત માટે ભરતિયા / દસ્તાવેજોની વધારાની વિગતો જાહેર કરી શકશે.
૭	• વેરાદાતા, નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરી હોય તે સિવાયની, ચાલુ વેરા મુદત માટે ભરતિયા/દસ્તાવેજોની વધારાની વિગતો જાહેર કરી શકશે. • દરના કોઈપણ એકીકરણ સાથેના પીઓએસને નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરેલ હોય તેવા કિસ્સામાં, ત્યાર પછી કોષ્ટક ૭ મારફત નવા દરને ઉમેરી શકાશે નહિ અને વેરાદાતાએ તે માટે કોષ્ટક ૧૦માં સુધારા સગવડનો ઉપયોગ કરવાનો રહેશે.
૮	• વેરાદાતા, નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરી હોય તે સિવાયની, ચાલુ વેરા મુદત માટે શૂન્ય દરના, મુક્તિ મેળવેલ અને નોન-જીએસટી પુરવઠાની વધારાની વિગતો જાહેર કરી શકશે.
૯ક અને ૯ગ	• ત્રિમાસના પ્રથમ અને બીજા મહિના માટે, આઈએફએફ-માં કોષ્ટક ૪ક, ૪ખ, ૫, ૬ક, ૬ખ, ૬ગ અને ૯ખ-માં જણાવેલ મૂલ્યનો સુધારો, જો કંઈ હોય, તો અને ચાલુ વેરા મુદતનો નમૂનો જીએસટીઆર-૧.
૧૨	• નમૂના જીએસટીઆર-૧ક-માં જણાવેલી વધારા પ્રમાણેની એચએસએન-ની વિગતો/સુધારાની વિગતોને અહી જાહેર કરવી જોઈશે.નીચેના કોઈપણ સુધારાના કિસ્સામાં, તફાવત ધરાવતા (જુદા પડતા) ભાગ માટે, માઈનસ નિશાની સાથેની નોંધ કરી શકાશે.
૧૧ક (૧) & ૧૧ક(૨), ૧૧ખ(૧) & ૧૧ખ(૨)	• વેરાદાતા, નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરી હોય તે સિવાયની, ચાલુ વેરા મુદત માટે મળેલ અથવા સરભર કરેલ પેશગીની વિગતો જાહેર કરી શકશે. • દરના કોઈપણ એકીકરણ સાથેના પીઓએસને નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરેલ હોય તેવા કિસ્સામાં, ત્યાર પછી આ કોષ્ટકો મારફત નવા દરને ઉમેરી શકાશે નહિ અને વેરાદાતાએ યથાપ્રસંગ, સુધારા કોષ્ટક ૧૧ (૨)નો ઉપયોગ કરવાનો રહેશે.
૧૪	• વેરાદાતા, ચાલુ વેરા મુદત ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠાની વધારાની વિગતો જાહેર કરી શકશે.
૧૫	• ઈકો વેરાદાતા, નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરી હોય તે સિવાયની, ચાલુ વેરા મુદત માટે રજિસ્ટર ન થયેલ માલ મેળવનાર (દર પ્રમાણે) માટે પુરવઠાની વધારાની વિગતો જાહેર કરી શકશે.
૧૦, ૧૧(૨), ૧૪ક, ૧૫ક(૧), ૧૫ક (૨)	• વેરાદાતા ચાલુ મુદતના નમૂના જીએસટીઆર-૧-માં અગાઉથી જાહેર કરેલી વિગતો સુધારી શકશે.

૩૦. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટીઆર-૨-ક-માં,-

(૧) "(જીએસટીઆર૧, જીએસટીઆર-૫,જીએસટીઆર-૬, જીએસટીઆર-૭, જીએસટીઆર-૮ માંથી, માલની આયાત અને સેઝ યુનિટ/ડેવલોપર્સ પાસેથી મેળવેલ માલનો આવક પુરવઠો)", એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આકડાંને બદલે, "(જીએસટીઆર૧, જીએસટીઆર-૧ક, જીએસટીઆર-૫, જીએસટીઆર-૬, જીએસટીઆર-૭, જીએસટીઆર-૮ માંથી, માલની આયાત અને સેઝ યુનિટ/ડેવલોપર્સ પાસેથી મેળવેલ માલનો આવક પુરવઠો)" એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આકડા મૂકવા;

(૨) ભાગ-ક-માં,-

(ક) "જીએસટીઆર-૧/૫ મુદત" એ આકડાં, અક્ષરો અને શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં તેને બદલે, "જીએસટીઆર-૧/૧ક/૫ મુદત" આકડાં, અક્ષરો અને શબ્દો મૂકવા;

(ખ) "જીએસટીઆર-૧/૫ ભરવાની તારીખ" એ આકડાં, અક્ષરો અને શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં તેને બદલે, "જીએસટીઆર-૧/૧ક/૫ ભરવાની તારીખ" આકડાં, અક્ષરો અને શબ્દો મૂકવા;

(૩) સૂચનો એ શીર્ષક હેઠળ,-

(ક) પરિચ્છેદ ૨-માં, "નમૂના જીએસટીઆર-૧, ૫, ૬, ૭ અને ૮" એ આકડાં, અક્ષરો અને શબ્દોને બદલે, "નમૂના જીએસટીઆર-૧, ૧ક, ૫, ૬, ૭ અને ૮" એ આકડાં, અક્ષરો અને શબ્દો મૂકવા;

(ખ) પરિચ્છેદ ૪માં, કોષ્ટકમાં,-

(ક) અનુક્રમાંક ૩-ની સામે, બીજી કોલમમાં,-

(૧) અનુક્રમાંક (૧)માં, "નમૂના જીએસટીઆર- ૧ અને ૫", એ આકડાં, અક્ષરો અને શબ્દોને બદલે, "નમૂના જીએસટીઆર-૧, ૧ક અને ૫", એ આકડાં, અક્ષરો અને શબ્દો મૂકવા;

